


Scanned with CamScanner




Scanned with CamScanner

# Career Counselling & Development Centre
## Saurashtra University, Rajkot

CCDC

104, 1st Floor, Academic Centre,
B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281-2587144, ccdcsauuni@yahoo.co.in

Re-Accredited
Grade A by NAAC

Dr. N.A. SHAH
Co-ordinator


Ref.:
Date: 15/05/2017

# પ્રેસનોટ

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરિયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) દ્વારા**
**તા. ૧ જૂન, ૨૦૧૭ થી રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન (R.M.C.) "જૂનિયર કલાર્ક" પરીક્ષાના કોચીંગ વર્ગોનું આયોજન...**
**મર્યાદિત સંખ્યામાં પ્રવેશ અપાશે....**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સી.સી.ડી.સી.નાં માધ્યમથી સૌરાષ્ટ્ર વિસ્તારનાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા માટે સતત માર્ગદર્શક કાર્યશાળાઓ અને ૩૦ થી ૩૦૦ કલાકનાં વિવિધ તાલીમવર્ગોનું આયોજન થાય છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં આ પ્રકલ્પને કારણે સૌરાષ્ટ્ર વિસ્તારનાં અનેક વિદ્યાર્થીઓની મહેનત, સી.સી.ડી.સી.ના તજજ્ઞોનું સચોટ માર્ગદર્શન, ઉચ્ચ ગુણવતાયુક્ત વાંચનાલયની સુવિધા અને સી.સી.ડી.સી.નાં સ્ટાફની રાઉન્ડ ધી ક્લોક સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગેની છણાવટનાં કારણે ઉત્તરોઉત્તર વિદ્યાર્થીઓ માફત સફળતાનાં સીમાચીહ્નોનાં નોંધવાય રહ્યાં છે. યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ, કુલસચિવશ્રી ડૉ. ધીરેનભાઈ પંડયા અને સિન્ડીકેટ સદસ્યોનાં સતત પ્રોત્સાહન વર્ધક પ્રયત્નોનાં કારણે "ટીમ સી.સી.ડી.સી." ઉત્સાહપૂર્વક વિવિધ આયોજન મારફત યુવાવર્ગને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા માટે તૈયાર કરી રહી છે. હાલ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા **"જૂનિયર કલાર્ક"** ની ભરતીની જાહેરાતનાં અનુસંધાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સી.સી.ડી.સી.નાં માધ્યમથી તા. ૦૧, જૂન–૨૦૧૭ ગુરૂવાર થી તાલીમવર્ગનું આયોજન કરવામાં આવેલ છે.

આ તાલીમ વર્ગ માટેનાં અભ્યાસક્રમ અંગ્રેજી વ્યાકરણ, ગુજરાતી વ્યાકરણ, સામાન્ય જ્ઞાન અને કરંટ અફેયર્સ અને કોમ્પ્યુટર વિષયક સામાન્ય જ્ઞાનના વિષયોની સઘન તાલીમ આપવામાં આવનાર છે. ઉપરોક્ત તાલમવર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારોએ તા. ૩૦–૦૫–૨૦૧૭ સુધીમાં ૧૦૪, એકેડેમિક સેન્ટર, પ્રથમ માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથેસાથે ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા, જૂનિયર કલાર્કનું ઓનલાઈન ભરેલ ફોર્મ, ગ્રેજયુએશનની માર્કશીટ, આઈ.ડી.પ્રુફ અને લીવીંગ સર્ટીફીકેટ સાથે લાવવાનું રહેશે. આ તાલીમ વર્ગ માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ રૂબરૂ અથવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ પરથી પણ મળી શકશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતિ વિદ્યાર્થીઓના લાભાર્થે આપના પ્રસિધ્ધ દૈનિકમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.
આભાર સહ,

for [signature]

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)

CCDC

# Career Counselling & Development Centre
## Saurashtra University, Rajkot
104, 1st Floor, Academic Centre,
B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281-2587144, ccdcsauuni@yahoo.co.in

Re-Accredited
Grade A by NAAC

Dr.N.A. SHAH
Co-Ordinator

Ref.:
Date: 19/09/2017

## <u>પ્રેસનોટ</u>

**સીસીડીસી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને સીસીસી – યુ.જી.સી. ના સંયુકત ઉપક્રમે.....**
**જી.પી.એસ.સી. (પી.આઈ.) ની તૈયારી માટે નિઃશુલ્ક કાર્યશાળા ૨૫ સપ્ટેમ્બરના રોજ યોજાશે...**
**જનરલ સાયન્સ અને કરન્ટ અફેર્સ વિષય ઉપર નિઃશુલ્ક માર્ગદર્શન...**

---

કેરીયર કાઉન્સેલીંગ સેલ (સીસીસી) યુ.જી.સી. અને કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સીસીડીસી) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માધ્યમથી રાજ્ય અને કેન્દ્ર સરકારશ્રીની જુદી જુદી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી તાલીમશાળાઓ અને રેગ્યુલર કોચીંગ મારફત સફળતાપૂર્વક કરાવવામાં આવે છે. અનેક પરીક્ષાઓમાં સીસીડીસીના છાત્રોએ રેકોર્ડબ્રેક પરિણામો મારફત સીસીડીસીની કોચીંગ પદ્ધતિ "સચોટ" છે તેવું પ્રતિપાદિત કરેલ છે. તાજેતરમાં ઓકટોબર માસમાં યોજાનાર જીપીએસસી – પી.આઈ. ના અધિકારીઓ માટેની પ્રાથમિક પરીક્ષાની તૈયારી કરતા છાત્રોને જનરલ સાયન્સ અને વર્તમાન બનાવો વિષયક સચોટ અને સ્માર્ટ ટીપ્સ સાથે વિનામૂલ્યે માર્ગદર્શન આપવાનું આયોજન સીસીડીસી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે કરવામાં આવેલ છે.

આ નિઃશુલ્ક કાર્યશાળામાં જીપીએસસી – પી.આઈ.ની તૈયારી કરતા છાત્રોને જાણીતા તજજ્ઞ અમદાવાદ તથા નડીયાદના તજજ્ઞશ્રી પ્રફુલ્લભાઈ ગઢવી મારફત જનરલ સાયન્સ તથા કરંન્ટ અફેર્સ ના આનુષંગીકના વિષયો અને વર્તમાન રાષ્ટ્રીય – આંતરરાષ્ટ્રીય બનાવો અંગે પરીક્ષાલક્ષી તાલીમ આપવામાં આવનાર છે. જીપીએસસી–પી.આઈ. ની તૈયારી કરતા તમામ છાત્રોને ઉપરોકત વિનામૂલ્યે યોજાનાર તાલીમ શાળામાં ભાગ લેવા અને તે માટે સીસીડીસી કાર્યાલય ૧૦૪, એકેડેમિક સેન્ટર, પ્રથમ માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે સંપર્ક કરવા "ટીમ સીસીડીસી" મારફત અનુરોધ કરાયેલ છે. આ કાર્યશાળમાં મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોય વહેલા તે પહેલાના ધોરણે નિઃશુલ્ક રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે જેની નોંધ લેવા વિનંતી.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોક્ત પ્રેસનોટ વિદ્યાર્થીઓના લાભાર્થે આપના સુપ્રસિદ્ધ અખબારમાં વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.

Sd/- (signature)

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)

# Career Counselling & Development Centre

## Saurashtra University, Rajkot

104, 1st Floor, Academic Centre, B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281-2587144, ccdcsauuni@yahoo.com

CCDC
Dr.N.A. SHAH
Co-Ordinator

Re-Accredited
Grade A by NAAC


Ref.:
Date: 30/11/2017

---

## <u>પ્રેસનોટ</u>

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી CCDC આયોજીત....**
**'સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્પર્ધાત્મક પરિક્ષા જાગૃતિ કસોટી'**
**SUCEAT-2017 પરીક્ષા સફળતાપૂર્વક સંપન્ન...પરિણામ જાહેર...**
**૭૯ કોલેજો અને ૧૯ ભવનોમાં ૧૯,૩૭૫ વિદ્યાર્થીઓ જોડાયા...**
**દરેક જીલ્લાના પ્રથમ વિદ્યાર્થીઓને સન્માનીત કરાશે...**
**વિદ્યાર્થીઓને અભિનંદન આપતી ''ટીમ સીસીડીસી''...**

---

કેરિયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર (CCDC), સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તા. ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજ SUCEAT-2017 પરીક્ષા યોજવામાં આવેલ હતી. **'સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્પર્ધાત્મક પરિક્ષા જાગૃતિ કસોટી'** SUCEAT ને બહોળી સફળતા મળેલ છે. સૌરાષ્ટ્ર યુનિ. સંલગ્ન ૭૯ કોલેજો અને ૧૯ યુનિવર્સિટી ભવનો માંથી અંદાજે **૧૯,૩૭૫** વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં જોડાયા હતા. વિદ્યાર્થીઓમાં કોલેજ કક્ષાથી જ સરકારી–અર્ધસરકારી નોકરીઓ માટે લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેમકે UPSC, GPSC, BANK, RAILWAY, LIC, ARM FORCES, GCET, NET, SERVICE SECTOR વગેરે અંગે જાગૃત કરવા SUCEAT નું આયોજન કરેલ હતું.

SUCEAT સ્પર્ધામાં **૧૪,૭૩૨** વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા, જેમાંથી **૭૪૨** વિદ્યાર્થીઓને ૫૦% ઉપર ગુણ મળેલ છે. તેઓને યુનિવર્સિટીનું પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. સ્પર્ધામાં 'SUCEAT ડીસ્ટ્રીકટ ટોપર' દરેક જીલ્લા કક્ષાએ સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી બુક/ બુકસેટ આપી બહુમાન કરવામાં આવશે. તેમજ ડીસ્ટ્રીકટ ટોપર્સનું લીસ્ટ યુનિવર્સિટીની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં જુદા જુદા જિલ્લાઓ માંથી રાજકોટ જિલ્લાના શ્રી ગોધાતર જાન્વી આર. (૮૮ ગુણ), જામનગર જિલ્લાના શ્રી જાડેજા અજયસિંહ આર. (૮૦ ગુણ), સુરેન્દ્રનગર જિલ્લાના શ્રી નાગલા ભૂમિકા એસ. (૭૬ ગુણ), જૂનાગઢ જિલ્લાના શ્રી બાલાસરા કૌશિક એચ. (૭૬ ગુણ), ગીર સોમનાથ જિલ્લાના શ્રી ગધે તરૂ જે. (૭૩ ગુણ), મોરબી જિલ્લાના શ્રી રતન જનક જી. (૭૦ ગુણ), અમરેલી જિલ્લાના શ્રી કવા શ્યામ એ. (૬૯ ગુણ), દેવભૂમિ દ્વારકા જિલ્લાના શ્રી પટેલ આર્ય એન. (૬૮ ગુણ) અને પોરબંદર જિલ્લાના શ્રી ચાવડા દેવા જે. (૬૬ ગુણ) વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમાંકે આવેલા હતા.

સૌરાષ્ટ્રના તમામ ૬ જીલ્લાઓ પોરબંદર, જુનાગઢ, અમરેલી, સુરેન્દ્રનગર, જામનગર અને રાજકોટમાં નિમાયેલ CCDC જીલ્લા કોર્ડીનેટર્સ તથા CCDC લોકલ સેલ કન્વીનરની જહેમતથી તા. ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજ સવારે ૧૧:૦૦ થી ૧૨:૩૦ કલાકે SUCEAT - 2017 નું આયોજન કરેલ હતું. કોલેજ કક્ષાથી જ વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય તેમજ રાજયકક્ષાએ લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર થયા હતા. SUCEAT ના આયોજનના કારણે સ્પર્ધામાં જોડાયેલ કોલેજોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની જાણકારી માટે ખાસ માર્ગદર્શનના કાર્યક્રમો પણ યોજાયેલ.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ અને કુલસચિવશ્રી ડૉ. ધીરેન પંડયા નાં માર્ગદર્શન હેઠળ સી.સી.ડી.સી.નાં કો–ઓર્ડિનેટરશ્રી ડાં. નિકેશ એ. શાહ અને સી.સી.ડી.સી. ના કર્મચારીઓ સર્વ શ્રી સુમિત મહેતા, શ્રી ચિરાગ તલાટીયા, શ્રી દિપ્તી ભાલાણી, શ્રી સોનલ નિમ્બાર્ક, શ્રી કિડિયા આશીષ અને હીરાબેન કીડીયા દ્વારા જહેમત ઉઠાવેલ હતી. સૌરાષ્ટ્રના તમામ જીલ્લાઓની કોલેજનાં વિદ્યાર્થીઓને 'જાગૃતિ કસોટી' નો લાભ મળી રહે તે માટે પોરબંદર જીલ્લા કો–ઓર્ડિનેટર પ્રો. જયેશ ભટ્ટ (ગુરુકુળ મહિલા કોલેજ, પોરબંદર) જુનાગઢ જીલ્લા કો–ઓર્ડીનેટર ડો. પી.બી. કાંજિયા (શ્રી પટેલ કેળવણી મંડળ કોલેજ, જૂનાગઢ), અમરેલી જીલ્લા કો–ઓર્ડીનેટર પ્રા. અતુલ પટેલ (કામાણી સાયન્સ કોલેજ, અમરેલી), રાજકોટ જીલ્લા કોર્ડીનેટર પ્રો. રાહુલ રાવલીયા (શ્રીમતિ ધમસાણીયા કોમર્સ કોલેજ, રાજકોટ), સુરેન્દ્રનગર જીલ્લા કોર્ડીનેટર ડૉ. એન.કે. સોનારા (એમ.પી. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સુરેન્દ્રનગર) અને જામનગર જીલ્લા કોર્ડીનેટર પ્રો. જી.બી. સિંઘ (શ્રી વી.એમ. મહેતા આર્ટસ અને કોમર્સ કોલેજ, જામનગર) ના સંયુકત પ્રયાસથી વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા રજિસ્ટ્રેશન કરાવેલ હતું.

દરેક જિલ્લાની કોલેજો એ પરીક્ષા અનુસંગીત પ્રશ્નો સંદર્ભે જિલ્લા કોર્ડીનેટરશ્રી નો સંપર્ક સાધવો અને સવિશેષ માર્ગદર્શન માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે કાર્યરત સી.સી.ડી.સી. કાર્યાલયનો સંપર્ક સાધવા જણાવેલ છે.

સી.સી.ડી.સી. મારફત યોજાતી SUCEAT પરીક્ષાના પ્રશ્નોની આન્સર કી તથા જિલ્લા કક્ષાએ ઉચ્ચ ગુણ મેળવી પ્રથમ પારિતોષીક મેળવનાર વિદ્યાર્થીઓની માહિતી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. સી.સી.ડી.સી. ના સંયોજક શ્રી એ જણાવેલ કે સૌરાષ્ટ્ર વિસ્તારની કોઈપણ કોલેજ ના વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓની માહિતી તથા માર્ગદર્શન માટે જિલ્લા કોર્ડીનેટરશ્રીનો અથવા સી.સી.ડી.સી. કાર્યાલયનો સંપર્ક કરી શકે છે.

પ્રતિ,
તંત્રી શ્રી,
ઉપરોકત માહિતિ વિદ્યાર્થીઓના લાભાર્થે આપના પ્રસિધ્ધ દૈનિકમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

આભાર સહ,

for, Sumit

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)